R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 16 •ISSUE: 36 DATE: 08-09-2012 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭





## ચંદ્રની ધરતી પર પ્રથમ પગ મુકનાર નીલ આર્મસ્ટ્રોગનું અવસાન

ચંદ્રની ધરતી પર પ્રથમ પગ મુકતા,અમેરીકાના નીલ આર્મસ્ટ્રોગને વિશ્વની ૬૦૦ મીલીયન પ્રજા,વિશ્વ સમુદાયનો પાંચમો ભાગ ગણાય તેમણે તેમને જોયા હતા.જુલાઈ ૨૦,૧૯૬૯ના દિવસે અમેરીકાની નાસા સંસ્થાએ મોકલેલા એપોલો-૧૧ યાને ચંદ્ર પર ઉતરાણ કર્યુ અને ચંદ્રની ધરતી પર પ્રથમ પગ નીલ આર્મસ્ટ્રોગે મુક્યો એ ઈતિહાસના લોકો ગવાહ છે.ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલ આ મહાન તવારીખ ના નિર્માતા નીલ આર્મસ્ટ્રોગનું ૮૨ વર્ષની ઉંમરે અવસાન થયું છે.બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશને જણાવ્યું હતું કે ૨૦મી સદીના ઈતિહાસનો આ સૌથી મોટો પ્રસંગ હતો.હવે પછીના દસ હજાર વર્ષ પછી પણ એક નામ ઈતિહાસ યાદ રાખશે અને તે હશે નીલ આર્મસ્ટ્રોગનું નામ.તેમનું ચંદ્ર પરની ધરતી પરનું પ્રથમ પગલું એ માનવ ઈતિહાસનું સૌથી વિરાટ પગલું હતું.

નીલ,સહુ પ્રથમ ફાઈટર પ્લેનના પાઈલોટ હતા અને તેમણે કોરીયન વોર વખતે સરકાર માટે જેટ પ્લેનો પ્રયોગ ખાતર ઉડાડ્યા હતા.ત્યારબાદ તેઓ સ્પેશ પ્રોગ્રામમાં જોડાયા હતા.ચંદ્ર પરથી પાછા આવ્યા બાદ,તેઓ તેમના વતન પાછા ફર્યા હતા જ્યાં ઓહીયો માં કોલેજમાં ભણાવવાનું શરુ કર્યુ હતું.નીલના અવસાનથી સમગ્ર અમેરિકાએ શોક અનુભવ્યો છે.



પોપ બેનીડીક્ટે વેટીકન ખાતેથી ઉપસ્થિત લોકોને કરેલા સંબોધનમાં જણાવ્યું હતું કે જેઓ કેથોલીક શિક્ષણ સાથે સહમત નથી અથવા તો જેઓ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ ધરાવતા નથી તેઓ ચર્ચને છોડી દે,યહુદાની જેમ ઈસુને પરસ્વાધીન કરનારા લોક બને નહી.તેમણે યહુદા બાબતે કહ્યું હતું કે બીજા લોકોની માફક તે ઈસુને છોડી શક્યો હોત.જો તે પ્રમાણિક હોત.તે વિશ્વાસુ હતો માટે કે તેને તેના માટે પ્રેમ હતો માટે ઈસુની સાથે રહ્યો નહોતો,પરંતુ તેનો ઈરાદો તેના ગુરુ માટે કપટભર્યો હતો.આ સૌથી ગંભીર ગુન્હો હતો.અને તે શેતાની ઈરાદો હતો.કેથોલીકોએ પીતરની માફક ઈસુમાં વિશ્વાસ ધરાવવો અત્યંત જરુરી છે.જે કેથલીકો ચર્ચના શિક્ષણની રીતે,કૌટુંબિક જીવનમાં,પરંપરા મુજબના ધાર્મિક લગ્નોાં વિશ્વાસ ધરાવતા નથી તેઓ પરસ્વાધીન કરનાર યહુદા જેવા છે.મતભેદ કેથોલીક ચર્ચોમાં અવરોધક નથી પરંતુ કેટલીક બાબતોમાં ચર્ચોના નિર્ણયોને આવકારવા તેટલા જ જરુરી છે.જેમાં તમારી માન્યતાનું બલિદાન આપવું જોઈએ

## ચીનના શક્તિશાળી ખ્રિસ્તીનેતા ઇ ઇનનું અવસાન



ચીનના ખ્રિસ્તી ઈતિહાસમાં સૌથી વધુ પ્રભાવશાળી નેતા તરીકે સન ઈ-ઈન કે જેમનો ફેડી સન તરીકે ઓળખવામાં આવે છે તેમનું ૭૬ વર્ષની વયે અવસાન થયું હતું.તેમણે ખ્રિસ્તી વિશ્વાસના કારણે સામ્યવાદી જેલમાં વર્ષો પસાર કર્યા હતા.ફાઉન્ડર અને ચેરમેન,ક્રિશ્ચિયન એડ મિશનના બોબ ફિનલેએ જણાવ્યું હતું કે તેઓએ ચીનના ખ્રિસ્તીઓ માટે ઘણુ મોટું પ્રદાન આપ્યું હતું.

તોઓએ ૧૫૪ બાયબલ ઈન્સ્ટીટ્યુટ અને મિશનરી ટ્રેઈનીગ સેન્ટરો ૧૯૯૨ થી ઉભા કર્યા હતા.ચીનના દરેક પ્રાંત ઉપરાંત તિબેટમાં પણ તેમણે સંસ્થાઓ ઉભી કરી હતી.આ સંસ્થાઓમાં ૬૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ બન્યા હતા,કે જેઓ હાલમાં સ્થાનીક મિશનરી તરીકે કાર્ય કરી રહ્યા છે.તેઓએ અનેક આત્માઓ જીત્યા હતા અને ચીનની અંદર અનેક ચર્ચોની સ્થાપના કરી હતી.૧૮૦૭ થી ૧૯૪૯ સુધીમાં ચીનમાં આવેલા પરદેશના મિશનરીઓ સાથે સંકલન સાધ્યું હતું.

ભુતપુર્વ યુની.ના પ્રોફેસર તરીકે તેમણે ચીનના હાઉસ ચર્ચોને ખુબજ મદદ પુરી પાડી હતી.ઈતિહાસ એ બતાવશે કે સને ૧૫૪ બાયબલ ઈન્સ્ટીટયુટને સ્થાપના તથા તેને આર્થિક રીતે ચલાવવા માટે જે ભગીરથ કાર્ય કર્યુ છે.તે કેટલું અદભુત હતું.છેલ્લા ૨૦ વર્ષો દરમિયાન સામ્યવાદી દેશમાં એક વ્યક્તિએ ઈસુ ખ્રિસ્તને લોકો સમક્ષ રજુ કરવામાં કેટલો અગત્યનો ફાળો આપ્યો છે.ચીનમાં હાલમાં અધિકૃત આંકડાઓ મુજબ ૧૩૦મીલીયન ખ્રિસ્તીઓની વસતી છે.ચીનમાં તેમને શ્રધ્ધાજલી આપવામાં આવી હતી.

## ૧૫મી ઓગષ્ટના રોજ સાલ્વેશન આર્મી ચર્ચ મણિનગરમાં 'વડીલોની સંગત'નું આયોજન

૧૫મી ઓગષ્ટ ૨૦૧૨નો દિવસ અમદાવાદ પ્રાંતના વડીલો અને અમલદારો માટે આનંદનો દિવસ હતો. આ દિવસે મુક્તિફોજના માનનીય ટેરિટોરિયલ કમાન્ડર ટી. વિજયાકુમાર અને કર્નલ ટી. કે.માનિક્કમની આગેવાનીમાં સવારે ૯ કલાકે મણિનગર ચર્ચ ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ મિટિંગનું સંચાલન અમદાવાદના ડિવિઝનલ કમાન્ડર મેજર રસિક ક્રિશ્ચિયને કર્યુ હતું. બહેરામપુરા ચર્ચના બેન્ડે રાષ્ટ્રગીતની ધૂન વગાડી હતી. ત્યારબાદ ૧૦ વાગે મણિનગર ધી સાલ્વેશન આર્મી ચર્ચ ખાતે વડીલોની અને મંડળીના આગેવાનોની સંગત કરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ મેજર રસિક ક્રિશ્ચિયન સાહેબે બાઈબલ વાંચી શરૂઆત કરી હતી. અમદાવાદ ટેમ્પલ પલટણના શ્રી જેકબ પોલે પ્રાર્થના કરાવી હતી. સ્થાનિક પાળક મેજર શશીકાંતે આવકારના શબ્દો બોલ્યા હતા. મંડળી વતી ફિલીપ પરમારે સર્વનો ફૂલહાથી આવકાર કર્યો હતો. ત્યારબાદ લેફ કર્નલ ડેવિડ સેવકે સભાનું સંચાલન સંભાળ્યું હતું. કર્નલ અમ્માએ પ્રત્યુર આપ્યો હતો. મેજર મગનલાલ સાહેબે ભજનમાં દોરી સભાજનોને આનંદમાં લાવ્યા હતા. ટેરિટોરિયલ કમાન્ડર સાહેબે વચનની સેવા આપી હતી. ભાષાંતરની સેવા લેફ કર્નલ જશવંત મહિડા સાહેબે આપી હતી. પ્રથમ બેઠકના અંતે ઘણા બધા લોકોએ પોતાના જીવનો પ્રભુને સમર્પિત કર્યા હતા.

બપોર પછીના સેશનમાં મેજર રમીલા બાઈએ પ્રાર્થના કરાવી શરૂઆત કરી હતી. લેફ. કર્નલ પૂંજાલાલ મેકવાને સભાનું સંચાલન કર્યું હતું. મણિનગર વડીલોની સંગત વતી ઈસુદાસ પામરે મણિનગર પલટણમાં ચાલતી વડીલોની સંગતનો અહેવાલ રજૂ કર્યો હતો. સતીષ પરમારે ભજનમાં દોર્યા હતા. વડીલો નાચ ગાન સાથે સ્તુતિમાં જોડાયા હતા. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં આલ્બર્ટ જેકબએ તેની આગેવાની પૂરી પાડી હતી. સીટીએમ તેમજ મણિનગર પલટણના લોકોએ પોતાની આઈટમો રજૂ કરી હતી. છેલ્લે ટેરિટોરિયલ કમાન્ડર સાહેબે વચનની સેવા આહી હતી. આમ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ આશીર્વાદિત થયો હતો. આભાર વિધિ જોન રાઠોડે કરી હતી.

—પ્રેષક : મેજર શશીકાન્ત ડી. મેકવાન (મણિનગર પલટણ)




વિશ્વમાં ચારેકોર વાવાઝોડા,પુર,ધરતીકંપ,અતિવૃષ્ટિ,પુર જેવી વિનાશકારી વિપત્તીઓ તોબા પોકારાવી રહી છે. હાલમાં અમેરિકામાં આઈઝેક નામનું એક વાવાઝોડુ આવ્યું તેનું દ્શ્ય બતાવાયું છે.કુદરતી સંપત્તિનો દુરપયોગ કરવાથી તેમજ પર્યાવરણને ગંભીર નુકસાન પહોચાડવાના કારણે થઈ રહેલા ફેરફારો માનવજીવનને તબાહી તરફ ઘસડી રહ્યા છે.એની જવાબદારી સહુ કોઈની છે વિશ્વના અનેક દેશોમાં પર્યાવરણના આ ગંભીર ફેરફારો ની સામે લડવા માટે લોકમત જાગૃત કરી રહ્યા છે.પરંતુ નાણાં કમાઈ લેવાની અને વિશ્વમાં માલેતુજાર બનવાના કોડમાં કેટલાક પરિબળો સમગ્ર માનવજાતને મોતના મુખમાં ધકેલી રહ્યા છે.આપણે કુદરતી સંપત્તિ અને પર્યાવરણને જાળવવા ખુબ પ્રયત્ન કરીશું ?

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

નરોડા પાટીયા કેસમાં કોર્ટ દ્વારા અપાયેલ ચુકાદાથી ન્યાયતંત્રે પોતાની સર્વોપરિતા સાબિત કરી દીધી.કસુરવારોને થયેલ સજા એ ન્યાયતંત્રનો ચુકાદો છે પરંતુ જેમણે સમગ્ર ઘટનાના પાછળ પોતાના ઈરાદાઓ પરિપુર્ણ કર્યા તેઓ ન્યાયતંત્રની લપેટમાં આવ્યા નહી.ઘટનાઓને અંજામ આપનારાઓને સજા થઈ.ઘટનાઓને ઘડનારાઓ હજુ પણ ન્યાયતંત્રની પહોચ બહાર રહી ગયા છે.ખેર,હજુ પણ જેમને સજા થઈ છે તે પૈકીના કેટલાક લોકોને પોતે હાથા બન્યાનો અહેસાસ થયો છે.તો કેટલાકને સજાનો ગમ નથી.કારણકે તેઓ શું કરે છે તેનાથી તેઓ માહિતગાર હતા.ઘટનાઓમાં સંડોવાયેલાઓને કંઈક અંશે એવો વિશ્વાસ હતો કે સત્તાસ્થાને બેઠેલા તેમના આકાઓ તેમને મદદ કરીને તેમને છોડાવી દેશે.પરંતુ તેમ બન્યું નથી.સજા પામનારાઓના કુટુંબીજનોનો આધાર તુટી પડ્યો છે તેથી તેમને વધુ કષ્ટ લાગે તે માની શકાય તેમ છે.પરંતુ કાયદાના સકંજામાંથી છુટકારો મેળવવો અઘરો છે.

ગુજરાતમાં ન્યાયતંત્ર દ્વારા અપાયેલ ચુકાદો ભાજપ પોતાની સરમુખ્યત્યારશાહી નથી એવું સાબિત નથી કરતો ચુકાદો નથી પરંતુ ભાજપ અને તેની સાથે સંકળાયેલ સંસ્થાઓના કાળા કરતુતોને પ્રમાણભુત કરતો ચુકાદો છે.તેઓએ સત્તા સ્થાન પર બેસીને કરેલ અધર્મ સાબિત કરે છે.અધર્મ આચરીને તેમણે કોમવાદી હોવાની છાપ પર ન્યાયતંત્ર દ્વારા મહોર મરાવડાવી છે.માત્ર ગુજરાતમાં સત્તા ધરાવતી ભાજપને જ નહી પરંતુ દેશની ભાજપા પાર્ટી માટે લપડાક સમાન આ બાબત છે.ભારતનું બંધારણ બિનસાંપ્રદાયિકતાના આર્દશો પર રચાયેલ છે.તેને સાપ્રદાયિકતાના વાઘા પહેરાવવાનો પ્રયત્ન,દેશની ગરિમાને લાંછન લગાડવાનો પ્રયત્ન છે.દેશમાં જ્યાં જ્યાં કોમી રમખાણો થયા ત્યાં ત્યાં તેમની સત્તા હોવાને કારણે દેશની છબી ખરડાઈ છે.તેમજ તેમની સંડોવણી સાબિત થઈ છે.

## મંતવ્ય

### ગૌવધ પ્રતિબંધ કાનૂન બાબતે નાગરિકોની જવાબદારી

ગુજરાતના મુ.મંત્રી ન.મો. ગુજરાત રાજ્યમાં ગૌવંશ કતલ પ્રતિબંધ કાનૂન લાવ્યા છે અને આવતી ચૂંટણીઓમાં ભા.જ.પ.ની સરકાર કેન્દ્રમાં આવે તો સારાયે દેશમાં પણ એવો કાનૂન લાવશે એ પ્રકારનો પ્રચાર કરવા લાગ્યા છે. આવા પ્રચાર પાછળનો તેમનો આશય રાજકીય ખીચડી પકવવાનો છે જેનું નીચેની કેટલીક હકીકતો સમર્થન કરે છે. ગુજરાતના માલધારીઓ વારંવાર ફરિયાદો કરે છે કે રાજ્યમાં મોટા પાયે ગાયોની ચોરીઓ થાય છે અને તેમને કતલખાનામાં લઈ જવામાં આવે છે. ગુજરાતમાંથી મોટા પાયે ગૌમાંસની નિકાસ પણ કરવામાં આવે છે. માલધારીઓ કહે છે કે, મોદી સરકાર ગૌવંશ કતલ પ્રતિબંધ કાનૂન તો લાવી છે પરંતુ, તેના અમલ બાબતે મીંડુ છે ! માલધારીઓ તો એવું પણ માને છે કે, મુ.મંત્રી ન.મો. ખાડકીઓ સાથે હળીભળી ગયા છે અને સદર કાનૂનનો અમલ થવા દેતા નથી. બીજી બાજુ જાહેરમાં ગૌભક્તો ગૌવધ માટે મુસ્લિમ ખાડકીઓને દોષિત ગણતા હોય છે.

ગાયોની મોટા પાયે ચોરીઓ થતી હોય તો તેની પાછળનું મુખ્ય કારણ માલધારીઓ (ગાયોના માલિકો) ગાયોનું દૂધ વેચીને પૈસા કમાવા માટે ગાયોને રાખે છે પણ તેમની સંભાળ રાખતા નથી અને વહેલી સવારે દૂધ કાઢી લીધા બાદ તેમને છોડી મૂકી તેમની સારસંભાળની જવાબદારીમાંથી છટકી જાય છે. બીજું કારણ એ છે કે કેટલાયે માલધારીઓ છાનાછપના પોતાની વૃદ્ધ અને માંદી ગાયોને ખાડકીઓને વેચી દેતા હોય છે. હકીકતે તો ગાયોની ચોરીઓ બહુ ઓછા પ્રમાણમાં થતી હોય છે. આ તો પાડાનો દોષ અને પખાલીને ડામ જેવી બાબત બની ગઈ છે.

આ તો ઠીક પણ, મારે મન જો કોઈ ભારે કમનસીબની વાત હોય તો તે એ છે કે, જેને (ગૌ) માતા ગણીએ છીએ, જેને પવિત્ર માનીને પૂજા કરીએ છીએ તેને જાહેરમાં રખડતી મૂકીએ, રોડરસ્તા પર ટ્રાફિકને બાધરૂપ બનાવીએ અને ખાસ કરીને તો પોતાની ભૂખ સંતોષવા તેમને ઠેરેઠેર કચરો, પ્લાસ્ટીક, ગંદકી અને એઠવાડ ખાવા લાચાર બનાવી મૂકીએ છીએ. પોતાને ગૌભક્તો માનતા હિંદુઓ ગાયમાતાઓને ઉભરાઈ જતી કચરાપેટીઓમાંથી જાહેરમાં ગંદકી ને એઠવાડ ખાવા પડાપડી કરતી જુએ છે છતાં તેમને નથી શરમ આવતી, નથી સંકોચ થતો, નથી સંવેદનશીલતા પ્રગટતી એ બાબતે મને તો એક ખ્રિસ્તીધર્મી તરીકે ખાસ્સી એવી મુંઝવણ અનુભવાય છે. અંધશ્રદ્ધાને પણ હદ હોય છે! ગૌપ્રેમી લેખકો ને કટારલેખકો આ વિષયે કેમ મૌન જાળવે છે તે પણ સમજાતું નથી.

એટલે, સરકારે ગાયોની ચોરી, તેમની કતલ અને ગૌમાંસનું વેચાણ થતું અટકાવવા સૌ પ્રથમ તો તેમના માલિકો ને માલધારીઓ કે જેઓ ગાયોની સંભાળ લેવાની જવાબદારી ટાળે છે ને તેમને રખડતી છોડી મૂકે છે તેમના પ્રતિ કડક થવું જોઈએ છે. ગૌભક્તોએ પણ જાહેરમાં ગંદકી ને એઠવાડ આરોગતી ગાયોને રોકવી જોઈએ તથા ગાયોને માતા માની તેમની પૂજા કરતા હોય તેવા બધા જ હિંદુઓનો ગાયોની આવી લાચારી ટાળવા પ્રજામત કેળવવો જોઈએ છે. પ્રજાજનોના સહકાર વિના સરકારી તંત્ર કશું જ ના કરી શકે.

**ફાધર વિલિયમ**

# પ્રેમ માટે કોઇ નિયમો ન બનાવો

સબંધો નિયમ મુજબ ચાલતા નથી.સબંધો સાર્થક કરવાનું કોઈ ચોક્કસ સુત્ર નથી.સબંધોનું ગણિત જુદુ છે.આમ કરીએ તો સબંધો સાર્થક થઈ જાય એવું કોઈ છાતી ઠોકીને કહી ન શકે.સબાંધો માત્ર ને માત્ર સમજણથી જ ટકી શકે.સબાંધ ટકાવવા માટે માણસે બદલાતા રહેવું પડે છે.કારણ કે સબંધ બદલાતો રહે છે.કોઈ વ્યક્તિ કાયમ એકસરખો ન રહી શકે. માણસાની ઈચ્છાઓ બદલાતી રહે છે.અપેક્ષાઓ બદલાતી રહે છે. સ્ટેટસ બદલાતું રહે છે.બધું બદલાય છતાં સબંધ ન બદલાય તો જ સબંધ ટકે છે.

આપણને ગમતી વ્યક્તિ દર વખતે આપણને ગમે એવું વર્તન જ કરે એ જરુરી નથી.આપણને ગમતી વ્યક્તિ જે કંઈ વર્તન કરે એ ગમે એજ ખરો સબંધ છે. આપણો વાંધો એ જ હોય છે કે આપણી વ્યક્તિ આપણને ગમે એવું જ વર્તન કરે. આપણને ન ગમે એવું થાય ત્યારે આપણે એનો ગેરવ્યાજબી સમજી લઈએ છીએ,તકરાર કે ઝગડાની શરુઆત ત્યાંથી જ થાય છે.

એકબીજાને ખુબ પ્રેમ કરનારા પ્રેમીઓ એક બીજા માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય છે.માણસ આખી દુનિયા સામે લડી શકે છે પણ પોતાની સાથે જ લડી નથી શકતો.પ્રેમ હોય કે દાંમ્પત્ય જીવન,મોટે ભાગે ઝગડા,નારાજગી કે અબોલા નાની નાની ઘટનાઓથી શરુ થતા હોય છે.પોતાની વ્યક્તિને નારાજ કરવાનું કોઈને ગમતું નથી.પોતાની વ્યક્તિ ખુશ રહે એવું જ કરવું હોય છે.પોતે એ માટે વિચારો અને પ્લાનીંગ પણ કરે છે.એ વિચારોમાં જ્યારે પરિવર્તન કરવાની વાત આવે છે ત્યારે એ આપણાથી સહન થતું નથી.આપણે કોઈને પ્રેમ કરતા હોઈએ ત્યારે આપણે તેની પર આધિપત્ય જમાવી દઈએ છીએ.વિચારોનું આધિપત્ય સૌથી ખતરનાક છે.કોઈના દિલ ઉપર પ્રેમ કરીને કબજો કરી શકો પણ તમે કોઈના દિમાગ પર કબજો ન કરી શકો.દિમાગ પર કબજો કરવા જઈએ તો દિલ પણ ગુમાવવું પડે.

માણસ પોતાના માટે નિયમો બનાવી શકે. પોતાના નિર્ણયો લઈ શકે.તકલીફ ત્યારે થાય છે જ્યારે આપણે કોઈના માટે નિયમો બનાવી લઈએ છીએ.આપણે શું કરવું જોઈએ એ વિચારતા નથી.અનો કોઈએ આપણા માટે શું કરવું જોઈએ એ નક્કી કરી લઈએ છીએ.આપણા ખાતર કોઈ એક-બે વખત કે પાચ - દસ વાર જતું કરી શકે પણ દરેક વખત જતું કરી શકતી નથી.તેની પણ ઈચ્છા હોય છે કે તેના માટે આપણે પણ કંઈ જતું કરીએ.

પ્રેમ કે સબંધ શરુ થાય ત્યારે અપેક્ષા વગર શરુ થતા હોય છે પણ પ્રેમ જેમ આગળ વધે તેમ અપેક્ષાઓ બંધાતી જાય છે અને અપેક્ષાઓ વધતી જાય છે. અપેક્ષાઓનો ભાર અને અપેક્ષા પુરી કરવાની ચિંતા ક્યારેક એટલી વધી વધી જાય છે કે આપણે પ્રેમ કરવાનું જ ભુલી જઈએ છીએ. હળવાશ ગાયબ જ થઈ જાય છે.ભાર વધતો જાય છે અને પછી એક બીજાને દોષ દેવાનું શરુ થઈ જાય છે.પ્રેમમાં લેવાનું શરુ થાય ત્યારથી જ ગુમાવવાનું શરુ થતું હોય છે.માત્ર પ્રેમમાં જ નહીં દરેક સબંધમાં સત્વ અને સાતત્ય જળવાવું જોઈએ.એ પણ યાદ રાખવું જોઈએ કે માણસ સતત બદલાતો રહે છે.અને આપણે પણ તેની સાથે થોડું બદલાવું પડે છે.જો બદલાવાની તૈયારી ન હોય તો સબંધ અટકી જાય છે.સબંધ એ એવું તાળું છે જે સતત બદલતું રહે છે.તાળું બદલાય એમ ચાવી પણ બદલાતી રહેવી જોઈએ.એક જ ચાવીથી બધાં તાળાં ન ખુલી શકે.આપણે એક જ ચાવી રાખીએ છીએ અને તેનાથી જ બધાં તાળા ખોલવાનો પ્રયત્ન કરીએ છીએ.તાળું ન ખુલે ત્યારે આપણએ આપણી ચાવીને નહી,પણ તાળાને દોષ દઈએ છીએ.હા, એવી માસ્ટર કી પણ હોય છે કે જે બધાં તાળા ને લાગી શકે.આ માસ્ટર કી એ છે કે સતત પ્રેમ કરવો,સતત પ્રેમ સહેલો નથી.કારણકે આપણે સતત પ્રેમ કરવો જ નથી હોતો. પ્રેમ મેળવવો પણ છે. પ્રેમ કરવાના ઈરાદા પાછળ પ્રેમ મેળવવાની દાનત હોય એમ આપણને પ્રેમ કરનારની પણે એવી જ દાનત હોય. બે વ્યક્તિના ઈરાદા ભેગા થાય ત્યારે જ પ્રેમનું સર્જન થાય છે.પ્રેમ કરવા સાથે પ્રેમ મેળવવાની અને પ્રેમ મેળવવા સાથે પ્રેમ કરવાની તૈયારી હોવી જોઈએ.પ્રેમનું ત્રાજવું તોજ ટકી શકે જો આ બંને છાબડા એકસરખાં રહે, કોઈ વ્યક્તિ સતત પ્રેમ ન કરી શકે કે કોઈ વ્યક્તિ સતત પ્રેમ ન મેળવી શકે.આ બંને એક સાથે જ ચાલવા જોઈએ.એક વ્યક્તિ પુરેપુરો સમજુ હોય તે પુરતું નથી. બે વ્યક્તિ અડધા-અડધા સમજુ હોય તો ઘણી વખતે પ્રેમની તીવ્રતા વધુ ઉત્કૃષ્ટ હોય છે. લાગણીઓ બહુ ઋજુ હોય છે. તેની સાથે જરાકેય ચેડાં થાય તો લાગણીઓ છંછેડાઈ જાય છે.ઋજુતાનો ઈલાજ ઋજુતાથી જ થઈ શકે.કઠોર બનીને તમે ઋજુતાને તમારી તરફેણમાં ન કરી શકો.જ્યોર્જ એલીયટ કહે છે કે : ''આપણે જો એક-બીજાના જીવનને ઓછું મુશ્કેલ ન બનાવવું હોય તો પછી આપણે કોના માટે જીવીએ છીએ ''

કૃષ્ણકાંત ઉનડકર
(સાભાર.દૈ.સં)



## આસામમાં શાંતિ માટે સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરાયું

આસામમાં ભડકેલી હિંસામાં અસરગ્રસ્ત લોકો માટે ગૌહતી ખાતે ડોટર ઓફ સેંટ પોલ દ્વારા સર્વધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.શાંતિ માટે તમામ ઉપાયો યોજવા જરુરી છે.જ્યારે તેમાં પ્રાર્થનાનો ઉમેરો થાય છે ત્યારે તમારા પ્રયત્નો વધુ શક્તિશાળી બને છે.અને જે બાબતો દ્વારા મુશ્કેલીઓ ઉભી કરવામાં આવી છે તે પણ શાંતિ તરફ ગતિ કરે છે.તેવું આર્ચબિશપ એમીરીટસ ઓફ ગૌહત્તી,થોમસ મેનામપારાપીલે જણાવ્યું હતું.પ્રાર્થના વ્યર્થ જતી નથી.આસામના મુખ્યમંત્રીશ્રી તરુણ ગોગોઈએ જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ હિંસાને ઉભી કરવા પ્રયત્ન કરશે તેને ગોળી મારવામાં આવશે.અત્યારે ૨.૫ લાખ લોકો, ૨૨૨ રીલીફ કેમ્પોમાં આશરો લઈ રહ્યા છે.ધ પીસ એન્ડ રીલીફ કો.ઓર્ડીનેશન કમિટી ઓફ ધ ચર્ચ રીલીફ કેમ્પો અને રીહેબીલીએશન પ્રયત્નોમાં મદદ કરી રહ્યું છે.૧૦ હજાર જેટલા કુટુંબોને ખોરાક અને દવાઓ પુરી પાડવામાં આવી છે.



## ફ્રાંસીસ્ક બેટ્ટીસ્ટીલીનું પ્રથમ ક્રિસમસ આલ્બમ



સીંગર ફ્રાંસીસ્ક બેટ્ટીસ્ટીલી, તેનું પ્રથમ ક્રિસમસ આલ્બમ રજુ કરશે.રીલીઝ કરવાની તારીખ હજુ નક્કી નથી.વેરી સ્પેશીયલ ક્રિસમસ આલ્બમમાં એમી ગ્રાંટ,રેસકલ ફ્લેક્સ અને બીજા ફીચર પણ સાથે હશે.વેરી સ્પેશીયલ ક્રિસમસ તેના ૨૫માં વર્ષની ઉજવણી નિમિત્તે બીજા બે આલ્બમ પણ રજુ કરશે.જેમાં બીગ મશીન રેકોર્ડ અને બ્રીગીંગ પીસ ઓન અર્થનો સમાવેશ થાય છે.

## વર્શીપબેન્ડ તેમનું વુવન આલ્બમ રીલીઝ કરશે



વર્શીપ બેંડ, એસ્ટલીન લુક કેલ્ડવેલ, ૧૮મી સપ્ટેમ્બરે તેમનુ નવુ આલ્બમ રજુ કરશે.જેમાં ૧૦ ઓરીજનલ વર્શીપ ગીતોનો સમાવેશ કરાયો છે.આલ્બમનું નામ વુવન રાખવામાં આવ્યું છે.એનો અર્થ એ છે કે જીવન એક પર્વતો પરના કપરા ચઢાણ અને ખીણની માફક ઉંડા ઉતરાણની સફર છે.ઇશ્વરે આપણને જીવન જીવવા માટેની અનેક યોજનાઓ તૈયાર કરી છે.આપણે તે યોજનાને તેની કૃપાથી જીવનમાં વણવાની છે.હુ મારા દરેક આલ્બમ માટે પ્રાર્થના કરુ છું કે ઇશ્વર મને નવું કંઇક કરવાની પ્રેરણા આપે.જેથી તેની યોજના સાકાર કરી શકું.

કેલીફોર્નીયામાં એક સ્ત્રીએ પોતાના રહેવા માટે એક અજાયબ ઘર બનાવ્યું હતું. તેમાં દસ હજાર બારીઓ,બે હજાર બારણા અને એકસો અઠ્ઠાવન રૂમો હતા.

રશિયાને સાત પહાડોના શહેર તરીકે ઓળખવામાં આવે છે.

રીંછ પાણી વગર થોડીવાર પણ ચલાવી શકતું નથી.

વિશ્વમાં જંગલો દ્વારા જેટલો પણ ઓક્સિજન ઉત્પન કરવામાં આવે છે તે બધામાં ૨૦ ટકા જેટલો ઓક્સિજન એમેઝોનના વરસાદી જંગલો દ્વારા પેદા કરવામાં આવે છે.


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


## ઇલેક્ટ્રોનીક મિડીયામાં ગુજરાતને થતો અન્યાયનો પ્રચાર ભ્રામક છે. શ્રી સિંઘ

કેન્દ્રના પેટ્રોલીયમ,કુદરતી ગેસ અને કોર્પોરેટના રાજ્ય મંત્રી શ્રી આર.પી.એન.સિંઘે પત્રકાર પરિષદમાં સબોધતા જણાવ્યું હતું કે ગુજરાતને અન્યાય થતો હોવાનો જે પ્રચાર થઇ રહ્યો છે તે ભ્રામક અને સદંતર ખોટો છે.આ પ્રચાર કોના દ્વારા થાય છે એ અંગે સબંધ કર્તા એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.એમણે દેશમાં ઉત્પન થતાં ગેસના વિવિધ રાજ્યોને થતાં આંકડાઓ આપી જણાવ્યું હતું કે દેશમાં ઉત્પન્ન થતાં ગેસના કુલ જથ્થામાંથી લગભગ ૪૦ ટકા જેટલા જથ્થાનો ઉપયોગ ગુજરાત રાજ્યમાં થાય છે. પરિણામે ગુજરાતમાં વિકાસ કાર્યોને તેમજ ઔદ્યોગિકરણને ભારે વેગ મળ્યો છે.આગામી વર્ષોમાં પણ ગુજરાત ક્રુડ ઓઇલના રિફાઇનીંગમાં મોખરે રહેશે.દેશની અગ્રણી ઓઇલ કંપનીઓ પણ ગુજરાત રાજ્યમાં જાહેર તેમજ ખાનગી ક્ષેત્રે વિકાસમાં મહત્વનો ફાળો આપી રહી છે. ગુજરાતમાં ઓએનજીસી લગભગ ૯૦૦૦ કી.મી.લાંબી પાઇપલાઇનનું વિશાળ માળખું તૈયાર કરી રહ્યું છે.સમગ્ર દેશમાં ગ્રામિણ વિસ્તારોમાં એલપીજીના જોડાણની સંખ્યા વધારવા પગલાં લેવામાં આવી રહ્યા છે.


સમાચાર સંપાદન

શ્રી સંજય પોલ ચૌહાણ



ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬




પાકિસ્તાનના ઇસ્લામાબાદ ખાતેથી એક ૧૧ વર્ષની બાલિકાની ધર્મનિંદાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી તેનું બંધ હાલતમાં ઘર નજરે પડે છે.પાકિસ્તાન હાઇકમિશન,લંડન સામે બ્રિટીશ પાકિસ્તાની ક્રિશ્ચિયન એસો.દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.વિલ્સન ચૌધરી,બીપીસીએના ચેરમેને, પાકિસ્તાનના પ્રમુખ ઝરદારીને આ બાલિકાનો તાત્કાલિક છુટકારો કરવામાં આવે તેવી અપીલ કરી હતી અને આવેદનપત્ર આપ્યું હતું.

## શિક્ષણ અધિકાર કાયદો - ૨૦૦૯

શિક્ષણ અધિકાર કાયદો ૨૦૦૯ના અસરકારક અમલીકરણ માટે નીચેની બાબતો કરી શકાય અલબત કરવી ઘણી જરૂરી છે.

૧. કાયદાનુસાર ૬થી ૧૪ વર્ષની વયનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ એવો કાયદાનો ઉદ્દેશ છે. સરકારનો આ કાયદા પાછળનો હેતુ બહુ સારો છે પરંતુ સરકારને આ કાયદાના અમલીકરણ માટે શિક્ષણહિતેચ્છુ, સમાજહિતેચ્છુ અને જવાબદાર નાગરિકોના સહકારની ખાસ જરૂર છે અને આપણા દેશની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં નાગરિકોના સહકાર વિના સરકાર આ કાયદાનો અમલ નહિ કરાવી શકે અને પરિણામે તેનો ઉદ્દેશ સિદ્ધ નહિ થાય.

એટલે, આપણી આસપાસ ઉપરોક્ત વયનું કોઈ બાળક રખડતું જોવા મળે, બાળમજૂરી કરતું દેખાય કે કોઈ કુટુંબ બાળકને શાળાએ ન મોકલતું હોય તો હિંમત રાખીને આપણે સરકાર વિરુદ્ધ (જે તે સરકારી અધિકારીને) ફરિયાદ નોંધાવવી જોઈએ. કારણ કાયદા મુજબ હવે એ જૂથની વયનાં બાળકોને ભણાવવાં એ સરકારની ફરજ બની રહે છે. સરકાર એ ફરજ ન બજાવતી હોય તો તેની સામે કેસ કરવો જોઈએ. જવાબદાર નાગરિકો આવું કરે તો સરકારને આ કાયદાનું અમલીકરણ કરવાની ફરજ પડશે. નાગરિકોએ સરકારને આ બાબતે સહકાર આપવો જોઈએ નહિ આપે તો કાયદો માત્ર કાગળ ઉપર જ રહેશે.

૨. મ્યુનિસિપાલીટી કે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જતી હોય, ત્યાં ભણાવવાનું કામ શિક્ષકો ન કરતા હોય અને શિક્ષણનું ધોરણ બહુ નીચું હોય તો ખાનગી શાળાઓ શરૂ કરવી અને પોતાનાં બાળકોને ત્યાં ભણવા મોકલવાં એ આવી શાળાઓને સુધારવાનો સાચો ઉકેલ નથી. શિક્ષિત અને સંપન્ન કુટુંબો પણ પોતાનાં સંતાનોને સરકારી શાળાઓમાં ભણવા મોકલે તો શિક્ષકોને શિક્ષણકાર્ય બરાબર કરવાની ફરજ પડશે કારણ નહિ તો વાલીઓ તેમની પાસે જવાબ માગશે. અત્યારે એવું થાય છે કે ફક્ત ગરીબ પરિવારોનાં (બહુધા અભણ કે ઓછું ભણેલાં પરિવારોનાં) સંતાનો આવી શાળાઓમાં ભણતાં હોય છે જેઓ શિક્ષકો પાસે જવાબ માગતા નથી. રોટલો રળવાની ચિંતામાં તે એટલાં ડૂબી ગયેલાં હોય છે કે પોતાનાં સંતાનો ભણે છે કે નહિ અને તેમના શિક્ષકો તેમને સારી રીતે ભણાવે છે કે નહિ તે જોવાનો એમની પાસે સમય નથી હોતો કે એવી સમજણ પણ તેમને હોતી નથી. એટલે, જો શિક્ષિત અને સંપન્ન પરિવારો પણ પોતાનાં સંતાનોને સરકારી શાળાઓમાં ભણવા મોકલશે તો આવી શાળાઓ સુધરશે ને સરકારી તંત્રને પણ આવી શાળાઓમાં જરૂરી સુવિધાઓ પૂરી પાડવાની ફરજ પડશે.

ટૂંકમાં એ કહેવાનું કે લોકશાહીમાં જવાબદાર નાગરિકોએ લોકહિતાર્થે બનાવેલા કાયદાઓના અમલીકરણ માટે સરકારને સહકાર આપવો જોઈએ અને તેનું પાલન કરાવવા ફરજ પાડવી જોઈએ, સરકાર પર દબાણ લાવવું જોઈએ. માત્ર ચૂંટણીમાં મત આપીને નિષ્ક્રિય બેસી રહેવાથી દેશની પરિસ્થિતિમાં પરિવર્તન લાવી શકાય નહિ. સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ આ પ્રકારનું લોકશિક્ષણ કરવું અતિ જરૂરી ગણાય.

ફાધર વિલિયમ (સંચાલક 'રિશ્તા')


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# માનવજીવનનો મૂળભૂત સિધ્ધાંત જ સહકાર છે

ગુજરાતીમાં કહેવત છે કે 'વિના સહકાર નહીં ઉધ્ધાર'. જે કાર્ય એકલો માણસ કરી શકતો નથી તે સમુહ દ્વારા સારી રીતે થતું હોય છે. એક રીતે જોઈએ તો માનવ સંસ્કૃતિ જેટલો સહકાર પુરાણો છે.આપણે જાણીએ છીએ કે, આપણી સંસ્કૃતિ સહકારની છે. સાથે કામ કરવાની વાત કોઈ નવી નથી. માણસના વિકાસમાં સહકારની આવશ્યકતા છે. માનવ સમાજનું કલ્યાણ કરવા, આર્થિક-સામાજિક કાર્યો સારી રીતે પુરાં પાડવા માટે, શાંતિ-સમૃધ્ધિ અને સલામતી માટે સહકાર અત્યંત જરુરી છે.માનવજીવનનો મૂળભૂત સિધ્ધાંત જ સહકાર છે.એના આધારે જ જીવનનો વિકાસ થાય છે.આપણે કહીએ છીએ કે એક હાથે તાળી પાડી શકાતી નથી,તાળી પાડવા માટે બે હાથ ભેગા કરવા પડે છે.બે વ્યક્તિઓના હાથ ભેગા થાય ત્યાંથી જ સહકાર શરુ થાય છે.સહકાર જ જીવનના વિકાસનો સંદેશો આપે છે.જે લોકો કોઈનો સહકાર લેતા નથી એ પ્રગતિ કરી શકતા નથી.ઝાઝા હાથ રળિયામણા, હોય છે. હાથોહાથ જે કામ થાય છે તે એકલો માણસ કરી શકતો નથી.સાથે રહીને કામ કરવાથી કોઈ એક વ્યક્તિના ખભે બધો ભાર આવતો નથી.કામ વહેચાઈ જાય છે.અને એમાં ઝડપ આવે છે.એક વ્યક્તિ જે દસ દિવસમાં કામ પુરુ કરી શકે છે એ જ કામ ઝાઝા લોકો દ્વારા બે દિવસમાં પુરુ થઈજતું હોય છે.યોગ્ય કામની યોગ્ય ઝડપ એ જ પ્રગતિની નિશાની છે.

સહકાર એટલે સાથે મળીને કામ કરવું તે, બીજાને મદદગાર થવું તે. આપણે ત્યાં સહકારી સંસ્થાઓ શરુ થવાના કારણે સામાન્ય લોકોને એના લાભ મળતા થયા છે.બર્નાડ રસેલે કહ્યું છે : 'માનવ જાતને જો કોઈ બચાવી શકે તો તે સહકાર છે.'આપણે જાણીએ છીએ કે , આજના યુગમાં પૈસાદાર વધુ પૈસાદાર અને ગરીબ વધુ ગરીબ બનતો જાય છે.એમાંથી બચવા માટે સામાન્ય લોકોનું સંગઠન રચી ગરીબોને જીવવાનો અધિકાર પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા સહકાર પુરી પાડે છે.એવું અર્થશાસ્ત્રીઓ કહે છે.એક બધાને માટે અને બધા એક માટે, સહકારી માળખા અનો આંતરરાષ્ટ્રીય ધોરણે એનું સંગઠન છે. સપ્ટેમ્બર -૧૯૯૫માં માંચેસ્ટરમાં આંતરરાષ્ટ્રીય સહકારી કોગ્રેસમાં સહકારી મંડળીની નવેસરથી વ્યાખ્યા કરવામાં આવી છે.સહકારી મંડળી એ એક એવું સ્વાયત મંડળ છે જેમાં લોકો સ્વેચ્છાએ પોતાની આર્થિક-સામાજીક અને સાંસ્કૃતિક જરુરીયાતો અને અપેક્ષાઓ સંતોષવા,સંયુક્ત માલિકીવાળા, લોકશાહી પધ્ધતિએ સંચાલિત, એવા સાહસ-મંડળ દ્વારા ભેગા મળી જોડાય છે. આ તો સહકારી સાહસ માટેની વ્યાખ્યારુપ છે.સર માલ્કમ ડાર્લિગે કહ્યું છે : 'સહકાર એ એક સંગઠન કરતાં કંઈક અધિક છે. તે એક ભાવના છે.જેની અસર હૃદય અને મન બંને પર થાય છે.તે વેપાર-ધંધાને સ્પર્શતો ધર્મ છે, તે આત્મનિર્ભરતા અને સેવાનો સંદેશ છે.'

કોઈ પણ વ્યક્તિ સફળતાના શિખરે પહોચી હોય તો જાણજો કે એની નિસરણીના પગથિયા ઘણાં લોકો હશે.માણસની પ્રગતિ કે એની મહાનતામાં બીજા લોકોનો સહકાર જ કારણભુત હોય છે.મહાનતાનો માર્ગ બીજાઓની સાથે જોડાયેલો છે.પોલેન્ડમાં એક કહેવત છે જેમાં કહેવાયું છે કે એક કરતાં બે માથા સારાં.સહકારથી જ માર્ગ કપાય છે.સહકારથી જ જીવન સરળ બને છે.સહકાર જ માનવજીવનની પ્રગતિનો પાયો છે.જ્યાં અરસપરસ સહકાર નથી ત્યાં વિનાશનાં એધાંણ જોવા મળે છે.હર્બટ કાલ્વટે કહ્યું છે કે : સહકાર એક એવું સ્વેચ્છીક સંગઠન છે કે જેમાં વ્યક્તિઓ સમાનતાના ધોરણે માનવ તરીકે કે તેમના આર્થિક હિતો પાર પાડવા માટે એકત્ર થાય છે.જીવનનો પથ ઘણો કપરો હોય છે.માણસ એકબીજાના સહકારથી તે કાપતો હોય છે.ઘણા લોકો કહે છે કે એકલા એકલા ચાલવાથી રસ્તો ખુટતો નથી. બે કે વધારે લોકો સાથે ચાલતા હોવ તો રસ્તો ક્યારે કપાઈ જાય એની ખબર જ પડતી નથી.સહકારથી લોકો પરસ્પર સહાયના જુસ્સાથી સાથે મળીને કામ કરવાની પ્રેરણા મેળવે છે.જીંદગીની સારી વસ્તુઓ વધુ સારી રીતે મેળવવા એ તમને મદદ કરે છે.એ લોકોને પોતાને માટે બારોબાર કામ કરવા માટે ધંધામાં જોડે છે.

સહકાર શું કરી શકે છે ?જેમ્સ કેશ પેનએ કહ્યું છે કે :' સન્માન યોગ્યતાને સંબોધે છે. અન્ય પરનો વિશ્વાસ આત્મવિશ્વાસનું મુળ છે.સેવા સંતોષ આપે છે.સહકાર નેતૃત્વના ગુણને સાબિત કરે છે.કોઈપણ કામ ઘણા લોકો કરતા હોય ત્યારે એમને યોગ્ય માર્ગદર્શન આપનાર તો જોઈએ કે નહી ? સાથે રહેવું એ જ સૌથી મોટો સહકાર છે.એ જ ઉત્તમ સિધ્ધિ છે'.માર્ટિન લ્યુથર(કીંગે)જુનીયરે કહ્યું છે : 'આપણે ભલે જુદા જુદા જાહજોમાં આવ્યા હોઈશું, પરંતુ અત્યારે તો એકજ નૌકામાં સવાર છીએ. એક સાથે રહીને પરસ્પર સહકાર આપવો એ જ સાચું જીવન છે.જે સાથે રહી શકતા નથી તે કશું કરી શકતા નથી'.આપણા જીવનની નૌકા સંસારરુપી સાગરમાં તરી રહી છે.એમાં આપણે એકલા સવાર નથી.આપણી સાથે હજારો-લાખો પ્રવાસીઓ બેઠેલા છે.એ સૌની સાથે આપણે ભાઈચારો રાખીને આગળ વધવાનું છે.આપણે આગળ જોયું તેમ સહકારમાં નેતૃત્વ મહત્વનું છે.ગુજરાતીમાં કહેવત છે કે' જેનો આગેવાન આંધળો એનું કુટુંબ કુવામાં ' સહકારથી જે કામ કરનારા છે,એમને યોગ્ય દોરવણી મળવી જોઈએ.દોરવણી આપનાર સૌમ્ય પ્રકૃતિ અને દીર્ઘદ્રષ્ટા હોવા જોઈએ.વિલિયમ આર્થર વોર્ડે યોગ્ય જ કહ્યું છે કે : 'નેતૃત્વ પ્રેરણા પર આધારિત છે- પ્રભુત્વ પર નહીં, સહકાર પર આધારિત છે.ધમકીઓ પર નહીં 'જ્યાં માલિકીભાવની માત્રા વધારે હોય છે ત્યાં સહકાર રહેતો નથી.માણસ તમારાથી થોડોક સમય દબાયેલો રહે, પણ કાયમ માટે તો નહીં જ. જે ખોટું છે,ખરાબ છે એની સામાં માથું ઉંચકવું જોઈએ. ગાંધીજીએ કહ્યું છે કે દુષણો સામે અસહકાર એ પવિત્ર ફરજ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
( સૌ.સંદેશ)


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ
એવન્યુ પાસે,સિયોન નગર
મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮
મો.:૯૮૨૪૩૬૨૪૬૨-
૯૮૨૫૩૬૯૪૨૦


# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઈ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરેૅ એ પરાર્થ છે. મામસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઈ શકો છો,છતાં એમને કોઈ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઈક વળતર મળે એટલો ઉદ્દેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઈએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઈન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઈ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઈપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઈ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઈ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઈ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઈ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઈપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઈ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઈ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઈ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઈ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી એવું કોઈએ કહ્યું છે. ડો.કિશોરસિંહ સોલંકી(સૌ.સંદેશ)




## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર

**બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.